# વિવાદિત જનતારેડ મામલે યુવા ત્રિપુટીનો હલ્લાબોલ

**ધારાસભ્યો સર્વશ્રી અલ્પેશ ઠાકોર, જીજ્ઞેશ મેવાણી અને પાટીદાર યુવા અગ્રણી હાર્દિક પટેલ સામે ફરિયાદ અન્વયે હાજર થવા સમયે હલ્લાબોલ : ફરિયાદી મહિલાનો ક્રિમીનલ રેકોર્ડ જાહેર કરવાની માગ સાથે ડીએસપી સંકુલમાં ધરણા : વિપક્ષી નેતા પરેશ ધાનાણી અને ધારાસભ્યોની મુલાકાતમાં ડીએસપીએ ફરિયાદી પરિવારનો રેકોર્ડ મંગાવી સંતોષકારક વિગતો આપતા સંતોષ ધરણા સમેટાયા : જોકે દારૂબંધી સામેની લડત ચાલુ રાખવાની જાહેરાત પણ કરી હતી**







ગાંધીનગર,તા.૭ ધારાસભ્ય અલ્પેશ ઠાકોર, જીગ્નેશ મેવાણી અને પાટીદાર નેતા હાર્દિક પટેલ અને તેની ટીમે અમદાવાદના લઠ્ઠાકાંડની ઘટના બાદ ગુરુવારે બપોરે ગાંધીનગર ખાતે ડીએસપી કચેરીની બરોબર સામે આદીવાડા ગામમાં જનતા રેડ પાડી હતી. જનતા રેડમાં બે પોટલી દેશી દારૂ મળી આવ્યો હતો. આ મામલે વિવાદ છંછેડાયો હતો અને ગઈકાલે રાત્રે જે મહિલાના ઘરે દરોડો પડ્યો હતો તે મહિલાએ સેક્ટર૨૧ પોલીસ મથકમાં બે ધારાસભ્ય અને હાર્દિક પટેલ સહિત જનતા રેડ કરનાર ૨૦ શખ્સોના ટોળા સામે ફરિયાદ આપી હતી. આ મામલે પોલીસે અલ્પેશ, હાર્દિક અને જીગ્નેશ સહિત જનતા રેડ કરનાર તમામ સામે ગેરકાયદે ગૃહ પ્રવેશ અને ધાક-ધમકી મામલે ગુનો દાખલ કરી દેતા મામલો બિચક્યો છે. ગુનો દાખલ થતા આજે સાંજે યુવા ત્રિપુટી નેતાઓએ ગાંધીનગર ડીએસપી કચેરી ખાતે હલ્લાબોલ કર્યો હતો અને ધરપકડ વ્હોરવા આવ્યા હોવા છતાં પોલીસે ધરપકડ ન કરતા આખરે ડીએસપી કચેરીના સંકુલમાં જ ત્રિપુટી ધરણા પર બેસી ગઈ હતી.

સંખ્યાબંધ સમર્થકો સાથે સાંજના સુમારે ડીએસપી કચેરી આવી પહોંચેલા યુવા નેતાની ત્રિપુટીએ ડીએસપી સાથે બેઠક કરી હતી. દોઢ કલાકની લાંબી બેઠક ને અંતે પણ કોઈ નિવેડો ન આવતાં ત્રણેય નેતાઓ ડીએસપી સંકુલ ના ગાર્ડનમાં ધરણા પર બેસી ગયા હતા અને સરકાર તથા પોલીસના ત્રણે નેતાઓને દબાવવાના અને અન્ય કોઈ ફરી જનતારેડ ની હિંમત ન કરે તે માટેના પ્રયાસો હોવાના આક્ષેપ કરવામાં આવ્યા હતા. ત્રણે યુવા નેતાઓ પોતે સાચા છે તે સાબિત કરવા પોતે જ ધરપકડ વહોરવા આવી ગયા હતા તેમ છતાં પોલીસે ધરપકડ ન કરતા પોલીસ અને સરકારની મેલી મુરાદ બહાર આવી હોવાના આક્ષેપ કર્યા હતા. તો બીજી તરફ જે મહિલા સાથે દારૂની કોથળીઓ પકડાઈ હતી તે મહિલા નું અને તેના ફેમિલીનુ બેગ્રાઉન્ડ તથા ગુનાહિત ઈતિહાસ બહાર નહીં પાડો ત્યાં સુધી ધરણા પરથી ઉભા થઈશું નહીં તેવી હઠ પકડીને ધરણા પર બેસી ગયા હતા. આ ઘટનાને પગલે વિરોધ પક્ષના નેતા પરેશ ધાનાણી ઉપરાંત કોંગ્રેસના ધારાસભ્યો સી.જે.ચાવડા, બળદેવજી ઠાકોર, ગેનીબેન પણ તેમના સમર્થકો સાથે ધરણા સ્થળ પર આવી પહોંચ્યા હતા. ચાર કલાકના સુધી ચાલેલા હાઈવોલ્ટેજ ડ્રામા અને અંતે ડીએસપીએ ફરિયાદી મહિલા નુ ફેમિલી બેગ્રાઉન્ડ અને ગુનાહિત ઈતિહાસ બહાર ડીક્લેર કરતા મામલો શાંત પડ્યો હતો ને ધારણા પરથી યુવા નેતાઓ ઉભા થયા હતા. અલ્પેશ ઠાકોર, હાર્દિક પટેલ અને જીગ્નેશ મેવાણી ઉપરાંત પરેશ ધાનાણી એ પણ સરકારની આ કૃત્યની આકરી નિંદા કરી ગુજરાતની દારૂબંધી ઉપર અનેક સવાલો ઉભા કર્યા હતા. યુવા નેતાઓ સામે ગુનો દાખલ કરીને તેમને દબાવવાનો પ્રયાસ કરવામાં આવ્યા છે. પરંતુ હજુ પણ જનતા રેડ ચાલુ રહેશે તેમ યુવા

● અનુસંધાન પાન-૭ પર

## જુના સેકટરોમાંથી માત્ર ૪૫ લાખનો વેરો વસુલાયો : સવા કરોડનુ માંગણુ બાકી

ગાંધીનગર તા ૭

શહેરમાં પાણી ગટર વેરા વસુલાત ઝુંબેશના અંતે પણ જુના સેકટરો પૈકી જ સવા કરોડ જેટલુ માંગણુ બાકી નિકળે છે. જેમાં વર્ષો જુના બાકી વેરાનો પણ સમાવેશ થાય છે. અલબત્ત વેરા વસુલાત અન્વયે ગત માર્ચ મહીનાની ઝુંબેશના અંતે અત્યાર સુધી માત્ર ૪૫ લાખ જ વસુલાયા હોવાનુ સ્પષ્ટ થયુ છે. વેરા વસુલાતની નબળી કામગીરીના અંતે હવે આગામી દિવસોમાં બાકીદારોને નોટીસ આપવાની પ્રક્રીયા હાથ ધરાશે.

શહેરમાં પાણી પુરવઠાની જરૂરિયાત સંતોષવા માટે કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવે છે. પાણી પુરવઠા માટે વર્ષે કરોડો રૂપિયાનો ખર્ચ સરકારના માથે છે. શહેરમાં માથાદિઠ પાણીનો વપરાશ પણ દેશમાં સૌથી વધુ હોવાનો અંદાજ છે. ત્યારે પાણીનો બગાડ પણ વિશેષ રૂપે થતો હોવાનુ મનાઈ રહયુ છે. આવા સંજોગોમાં શહેરમાં કામગીરી નબળી હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે. શહેરના જુના સેકટરોમાં સે-૧૪ થી ૩૦ માં વેરા વસુલાતની નબળી કામગીરીના લીધે ગત માર્ચ મહીનાની ઝુંબેશના અંતે અત્યાર સુધી પોણા બે કરોડના માંગણા સામે

**ગત માર્ચ મહીનાની ઝુંબેશના અંતે અત્યાર સુધી વેરા વસુલાત ક્ષેત્રે નોંધપાત્ર કામગીરી થઇ નથી**

૨૪ કલાક પાણી પુરવઠો સપ્લાય કરવા માટે પણ આખરી આયોજન કરવામાં આવી રહયુ છે. મીટર પધ્ધતિથી ૨૪ કલાક પાણી સપ્લાય કરવા માટે સર્વેના અંતે એજન્સીએ તૈયાર કરેલા રીપોર્ટ અન્વયે ઉચ્ચ કક્ષાએ બેઠકનો દૌર પણ ચાલી રહયો છે. પરંતુ પાણી ગટર સેવાના મામલે વેરા વસુલાત ક્ષેત્રે હજુ તંત્રની માત્ર ૪૫ લાખ જ વેરો વસુલાયો છે. જો કે બાકી વસુલાતમાં વર્ષો જુના બાકી માંગણાનો પણ સમાવેશ થાય છે. વેરા વસુલાત ઝુંબેશના અંતે પણ અસરકારક પરિણામ ન મળતા આખરે આગામી મહીનામાં બાકીદારોની યાદી તૈયાર કરી તંત્ર દ્વારા નોટીસ આપવાની કાર્યવાહી હાથ ધરાશે.

### જિલ્લામાં વાહકજન્ય રોગચાળા માટે

## હાઉસ ટુ હાઉસ સર્વેલન્સ આવતીકાલથી આરંભાશે

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર જિલ્લામાં વાહકજન્ય રોગચાળો નિયંત્રણમાં રહે તે માટે આગામી ૯મી જુલાઈને સોમવારથી હાઉસ ટુ હાઉસ સર્વેલન્સનો ચોથો રાઉન્ડ શરૂ થશે.

આ સર્વેલન્સ દરમ્યાન ૨,૫૭,૫૮૮ ઘર અને ૧૨,૮૭,૯૩૬ લોકોને આવરી લેવામાં આવશે. જિલ્લાના ૩૦૩ ગામોમાં આ સર્વેલન્સની કામગીરી આશા-મલ્ટી પરપઝ હેલ્થ વર્કર, ફીમેલ હેલ્થ વર્કર સહિત ૧૩૦૦ થી વધુ કર્મયોગીઓ જોડાશે.

આ સર્વેલન્સ દરમ્યાન તાવના કેસો શોધી તેમના લોહીના નમૂના પણ લેવાશે. આ ઉપરાંત જન-જાગૃતિ અભિયાનના ભાગરૂપે મચ્છરની ઉત્પત્તિ કેવી રીતે અટકાવી શકાય, મેલેરિયા થાય તો શુ કરવું, મેલેરિયાથી બચવાના ઉપાયો વિગેરે વાતોને વણી લઈ જાણકારી આપવામાં આવશે. રાજ્યમાં મેલેરિયા નિર્મૂલન-૨૦૨૨ના લક્ષ્યાંકને ધ્યાને રાખી મેલેરિયાના મુકાબલા માટે અમે સમર્થ છીએ તૈયાર છીએ ની થીમ પર કામગીરી હાથ ધરવામાં આવી છે. આ વખતે ચાર તબક્કામાં આ કામગીરી હાઉસ ટુ હાઉસ સર્વેલન્સની કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો.

● અનુસંધાન પાન-૭ પર





















Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૯૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com